# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-02-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા:

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી-CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું આ પ્રણાલીથી પારદર્શક રીતે જાહેર વિતરણ થશે. હવે સસ્તા અનાજનો લાભ સીધો જ લાભાર્થીને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન ગ્રાહકોના હિતોના રક્ષણ અને પારદર્શિતા વધારવા માટે CARE RATING અને ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જાહેર વિતરણ ક્ષેત્રે લોન્ચ થનારા વિવિધ નવીન પ્રકલ્પોમાં CBDC આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા, એક કિલોના સીલબંધ પેકિંગમાં કઠોળ વિતરણ, અન્નપૂર્તિ ગ્રેઇન ATMનો શુભારંભ કરાયો હતો.

---------------------------------------------------------------------------------------------

## મહાશિવરાત્રી ઉજવણી:

દેવાધિદેવ મહાદેવની આરાધનાનાં પર્વ મહા શિવરાત્રિની આજે ભક્તિ સભર વાતાવરણ માં ઉજવણી કરવામાં આવી. વહેલી સવારે ચાર પ્રહરની પૂજા સાથે ઉજવણીનો આરંભ થયો હતો. પૂર્વમાં કંથકોટથી પશ્ચિમમાં કોટેશ્વર સુધી જિલ્લાભરના શિવાલયોમાં પૂજા મહાઆરતી મહિમ્ન સ્તોત્ર પઠન લઘુરુદ્ર થી વાતાવરણ ગાજતું રહ્યું. નલિયા, નખત્રાણા ભુજ સહીત વિવિધ સ્થળોએ ભક્તિભાવપૂર્વક મહાશિવરાત્રીની ઉજવણી થઇ હતી. જીલ્લામાં વિવિધ સ્થળે

રવાડી, શોભાયાત્રા વગેરે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શિવભકતો, સંતો, મહંતો,રાજકીય અને સામાજિક અગ્રણીઓ જોડાયા હતા.

---

## આયુષ મેળો:

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા આયુષ નિયામકની કચેરી, ના માર્ગદર્શન હેઠળ, આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ભુજ- દ્વારા નલિયા ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સકો દ્વારા નિઃશુલ્ક નિદાન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી.

આ મેળામાં આયુર્વેદ અને હોમિયોપેથી ચાર્ટ, ઔષધીય રોપા પ્રદર્શન અને પૌષ્ટિક વાનગી પ્રદર્શન પણ યોજાયા હતા.વિવિધ સ્ટોલમાં આયુર્વેદની ડોક્યુમેન્ટરી, આયુર્વેદનો ઇતિહાસ, આસપાસની વનસ્પતિઓ, રસોડાના ઔષધો, હોમિયોપેથી પદ્ધતિ, પૌષ્ટિક વાનગીઓ અને આયુષને લગતી રમતો જેવી જાણકારી આપવામાં આવી હતી. આ પર્સંગે આંગણવાડીની નિવૃત્ત તેડાગર બહેનોને ગ્રેજ્યુટીના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 20 જેટલા કુપોષિત બાળકોને તેમના વિકાસ માટે આયુર્વેદિક ઔષધ કીટ પણ આપવામાં આવી હતી.

---

## યુથ ઉપનિષદ દ્વારા સન્માન:

આજે ભુજના સ્મૃતિવન ઓડિટોરિયમમાં યુથ ઉપનિષદ દ્વારા શબ્દ, સ્વર અને કલા ક્ષેત્રના મહાનુભાવોનું  સન્માન કરાશે. ગુજરાતી સાહિત્યના કવિ રાજેન્દ્ર શુક્લ, ચારણ કવિ પાલુ ભગત, સંગીત ક્ષેત્ત્રે આશીત દેસાઇ, હેમા દેસાઈ, અને ચિત્રકાર ફતેસિંહવાળાનું એવોર્ડ આપી સન્માન કરાશે.

---

## નલિયા ખાતે બે માર્ગોનું ખાત મુર્હત:

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે ધારાસભ્ય પ્રદ્યુમનાસિંહ જાડેજાના હસ્તે કુલ 6.44 કરોડના ખર્ચે બનનારા બે માર્ગોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વીર અબડા દાદા સર્કલથી બસ સ્ટેશન સુધીના માર્ગને 5.34 કરોડના ખર્ચે ચારમાર્ગીય બનાવવામાં આવશે, જ્યારે નલિયા બસસ્ટેશનથી છાડુરા તરફ જતો માર્ગ 1.10 કરોડના ખર્ચે તૈયાર થશે.

ખાતમુહૂર્ત બાદ નલિયાના વેપારી એસોસિએશન, વિવિધ સામાજિક સંસ્થાઓ અને વિવિધ સમાજો દ્વારા ધારાસભ્યનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## હવમાન:

આગામી દિવસોમાં ફાગણ માસ શરૂ થઇ રહ્યો છે તે પૂર્વે કચ્છમાં દિવસે ગરમી અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઇ રહ્યો છે.

રાજ્યમાં પ્રથમક્રમે ઠંડું મથક રહેલુ નલિયા ગરમીની દ્રષ્ટિએ બીજા ક્રમનું ગરમ મથક બન્યું હતું. જ્યાં લગુતમ ઉષ્ણતામાન તાપમાન 12 ડિગ્રી મહત્તમ ઉષ્ણતામાન 35 ડિગ્રીએ પહોંચી જતાં દિવસ અને રાત્રિના ઉષ્ણતામાનમાં 23 ડિગ્રી જેટલા જોવા મળ્યો હતો.

જિલ્લા મથક ભુજ સહિત વિવિધ સ્થળોએ દિવસે ગરમી અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આગામી સપ્તાહ સુધી વાતાવરણ સૂકું રહેવાની સાથે બેવડી મોસમ જારી રહેશે તેમ હવામાન વિભાગ દ્વારા જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે , દિવસ અને રાત્રિના તાપમાનમાં 17થી 20 ડિગ્રી જેટલું અંતર સાથેની મિશ્ર મોસમના કારણે વાયરલ બીમારીના દર્દીઓ વધી રહ્યા છે.

ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા બાળકો અને વડીલોને મિશ્ર મોસમના કારણે તાવ, શરદી અને ઉધરસ સાથેની બીમારીનો સામનો કરવો પડે છે ત્યારે તબીબો દ્વારા કાળજી લેવા જણાવાયુ છે

---------------------------------------------------------------------------------------------------

## <u>ક્રિકેટ:</u>

ICC T 20 ક્રિકેટ વિશ્વ કપમાં ગ્રુપ A આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે મુકાબલો થશે. આ મેચ ભારતીય સમય મુજબ સાત વાગ્યે શરૂ થશે. બંને ટીમોએ તેમની શરૂઆતની બે મેચ જીતી છે અને દરેકે ચાર પોઈન્ટ મેળવ્યા છે, જેના કારણે આજની મેચ સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે મહત્વપૂર્ણ બની છે.

---------------------------------------------------------------------------------------------------